# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 26-09-2024 Midday : 1.20 to 1.30
Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

**************************************************

- સેન્ટ્રલ ડ્રગ્ઝ સ્ટાન્ડર્ડ્સ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન- CDSCO એ પેરાસિટામોલ સહિત 50થી વધુ દવાઓને નબળી ગુણવત્તાની જાહેર કરી
- જમ્મુકાશ્મીર અને હરિયાણા વિધાનસભા ચૂંટણીનાં પ્રચારમાં વેગ આવ્યોઃ અમિત શાહ કાશ્મીરમાં અને રાહુલ ગાંધી હરિયાણામાં જાહેરસભાઓ સંબોધશે
- વિદેશમંત્રી ડોક્ટર એસ જયશંકરે સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદના માળખામાં તાત્કાલિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો
- નાણામંત્રી નિર્મલા સીતારમણે ઉઝબેકિસ્તાનના વેપાર તથા ઉદ્યોગ મંત્રી સાથે ડિજિટલ ટેકનોલોજી સહિતનાં ક્ષેત્રોમાં જોડાણ માટે ચર્ચા કરી
- બેરુતમાં ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકોને લેબેનોનનો પ્રવાસ ન કરવા અને દેશ છોડી દેવા ચેતવણી આપી

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CDSCO-DRUGS

કેન્દ્રિય  ધોરણ નિયંત્રણ સંસ્થા- CDSCO એ પોતાના માસિક અહેવાલમાં 50 દવાઓને યોગ્ય ગુણવત્તાવાળી નહિં હોવાનું જણાવ્યું છે. આના લીધે પેરાસિટામોલ, વિટામીન ડી-૩, જેવી 50 દવાઓના ઉપયોગ અંગે ચિંતા ઉભી થઈ છે. આ દવાઓ ઉત્પાદિત કરતી ઘણી કંપનીઓની દવાઓમાં યોગ્ય ગુણવત્તા જળવાઈન હોવાનું CDSCO ના અહેવાલમાં જણાવાયું છે.

# JAMMU KASHMIR CAMPAIGN

જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણીનાં ત્રીજા અને અંતિમ તબક્કાનો પ્રચાર શરૂ થઈ ગયો છે. ભારતીય જનતા પાર્ટીનાં નેતા અને ગૃહ મંત્રી અમિત શાહ આજે જમ્મુ પહોંચી રહ્યા છે. તેઓ જમ્મુના કઠુઆ અને ઉધમપુર જિલ્લામાં ચાર જાહેરસભાઓ સંબોધશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ પક્ષનાં પ્રચાર અભિયાનને વેગ આપવા માટે 28મીએ જમ્મુ આવશે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ગઈ કાલે જમ્મુમાં લોકો સાથે વાતચીત કરી અને કોંગ્રેસ માટે મત માંગ્યા હતા. પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના અધ્યક્ષ અને ભૂતપુર્વ મુખ્યમંત્રી મહેબુબા મુફ્તીએ પણ ગઈકાલે જમ્મુમાં પક્ષનાં ઉમેદવારોનાં સમર્થનમાં રોડ  શોકર્યો. અંતિમ

તબક્કામાં 1 ઓક્ટોબરે 40 વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. આ તબક્કામાં જમ્મુની 24ને કાશ્મીરની 16 બેઠકો માટે મતદાન થશે.

દરમિયાન, હરિયાણા વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર અભિયાનમાં વેગ આવ્યો છે. વરિષ્ઠ કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષનાં નેતા રાહુલ ગાંધી આજે કરનાલ જિલ્લાનાં અસંધ વિધાનસભા મતવિસ્તારમાં જાહેર સભા સંબોધીને ચૂંટણી પ્રચાર શરૂ  કરશે. બાદમાં શ્રી ગાંધી હિસાર જિલ્લાના બરવાળામાં એક અન્ય જાહેરસભાને પણ સંબોધશે. હરિયાણા વિધાનસભા માટે 5 ઓક્ટોબરે મતદાન યોજાશે. મત ગણતરી 8 ઓક્ટોબરે થશે.

## NADDA-ODISHA VISIT

ભાજપના અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા પાર્ટીની સંગઠનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે આજે ઓડિશાની એક દિવસની મુલાકાતે જશે. શ્રી નડ્ડા ભુવનેશ્વરમાં પક્ષના સભ્યો સાથે વાતચીત કરશે અને સભ્યપદ અભિયાનમાં ભાગ લેશે.

આ પ્રસંગે રાજ્યભરમાંથી વિવિધ જૂથો, સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતી પ્રતિષ્ઠિત વ્યક્તિઓ  હાજરી આપશે. બપોરે ભાજપ અધ્યક્ષ રાજ્યના મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદો અને પાર્ટીના અધિકારીઓ

સાથે સભ્યપદ અભિયાન અંગે ચર્ચા કરશે. ઉલ્લેખનીય છે કે ભાજપનું સભ્યપદ અભિયાન આ મહિનાની બીજી તારીખથી શરૂ થયું છે.

## REV. PREZ - SIACHEN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે લદ્દાખમાં સિયાચીન બેઝ કેમ્પની મુલાકાત લેશે. તેઓ અહીં તૈનાત સૈનિકો સાથે વાતચીત કરશે.

અમારા આકાશવાણી લેહ સંવાદદાતાના અહેવાલ મુજબ રાષ્ટ્રપતિની સિયાચીનની આ પ્રથમ અને લદ્દાખની બીજી મુલાકાત છે. ઓક્ટોબર 2023માં તેમની મુલાકાત ખરાબ હવામાનને કારણે રદ થઈ હતી. રાષ્ટ્રપતિનું સ્વાગત ઉપરાજ્યપાલ ડૉ. બી.ડી. મિશ્રા, મુખ્ય કાર્યકારી કાઉન્સિલર દ્વારા કરવામાં આવશે. કારાકોરમ રેન્જમાં સ્થિત સિયાચીન ગ્લેશિયર એ વિશ્વનો સૌથી વધુ સૈન્ય કબજો ધરાવતો પ્રદેશ છે.

## AKASHWANI CHAHTA HI SEVA ABHIYAN 2024

આજે આકાશવાણી અમદાવાદ દ્વારા સ્વચ્છતા એ જ સેવા 2024 અભિયાન અંતર્ગત આકાશવાણીના પટાંગણમાં ભવાઈના જાણીતા કલાકારો દ્વારા સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ કેળવાય તે હેતુથી એક સ્વચ્છતા અંગેનો ભવાઈવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ભવાઈના કલાકારો ઉપરાંત આકાશવાણીના કર્મચારીઓ તેમજ લોકો ઉપસ્થિતિ રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 17મી સપ્ટેમ્બરથી બીજી ઓક્ટોબર દરમિયાન સ્વચ્છતા હી સેવા અભિયાન ચલાવવાનો આહ્વાન કરવામાં આવ્યો છે.

## JAISHANKAR G-20

ભારતે આંતરરાષ્ટ્રીય નિર્ણય લેવાની પ્રક્રિયામાં ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના માળખામાં તાત્કાલિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે ન્યુયોર્કમાં જી-20 દેશોના વિદેશ મંત્રીઓ સાથેની મંત્રણામાં કહ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર સલામતિ પરિષદ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સ્થિરતા જાળવવાના પોતાના લક્ષ્યને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહી છે. જેનાથી વિશ્વ સંસ્થાની અસરકારકતા અને વિશ્વસનીયતામાં ઘટાડો થયો છે. ડૉ. જયશંકરે કહ્યું કે સુરક્ષા પરિષદના સ્થાયી અને ચૂંટાયેલા સભ્યો બંનેનો વિસ્તાર કરવો જોઈએ.

ડૉક્ટર એસ. જયશંકરે ગઈકાલે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રમહાસભાથી અલગ યોજાયેલી G20 વિદેશ મંત્રીઓની બેઠકમાં પણ ભાગ લીધો હતો. આ બેઠકની અધ્યક્ષતા બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વાએ કરી હતી. ડૉક્ટર જયશંકરે વૈશ્વિક શાસન સુધારણાના ત્રણ મુખ્ય ક્ષેત્રો પર ભારતના અભિપ્રાય રજૂ કર્યા. આ સુધારાઓ સંયુક્ત રાષ્ટ્ર અને

તેની પેટા સંસ્થાઓ, આંતરરાષ્ટ્રીય નાણાકીય માળખું અને બહુપક્ષીય વેપાર પ્રણાલિ અંગેનાં છે. વિદેશ મંત્રીએ જણાવ્યું કે, ભારતનાં જી-20 પ્રમુખપદ દરમિયાન મહત્વપૂર્ણ સફળતા હાંસલ કરવામાં આવી છે, જેમાં વિવિધ રાષ્ટ્રોના નેતાઓએ વિકાસ અને જળવાયુ ક્ષેત્રનાં ધિરાણનાં વિસ્તરણની હાકલ કરી હતી.

## FINANCE MINISTER - UZBEK PRES

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે સમરકંદમાં ઉઝબેકિસ્તાનના પ્રમુખ શાવકત મિરિઝીયોયેવ સાથે મુલાકાત કરી હતી. નાણામંત્રીએ આ બેઠકમાં જણાવ્યું કે, બંને દેશો વચ્ચે નવા ક્ષેત્રોમાં જોડાણ કરવા અંગે ઉઝબેકિસ્તાનના નાયબ પ્રધાનમંત્રી અને વેપાર તથા ઉદ્યોગ મંત્રી સાથે ફળદાયી મંત્રણા થઈ હતી.

આ ક્ષેત્રોમાં ડિજિટલ ટેકનોલોજી, ફિનટેક, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, પુનઃપ્રાપ્ય ઉર્જા, નાગરિક વપરાશ માટે પરમાણુ ઊર્જાનો ઉપયોગ, આરોગ્ય સંભાળ અને ઔષધિનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે સુશ્રી સીતારમણ એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેન્ક- AIIB ની નવમી વાર્ષિક બેઠકમાં ભાગ લેવા હાલ ઉઝબેકિસ્તાનની મુલાકાતે છે.

## INDIAN EMBASSY ADVISORY

બૈરૂત ખાતેના ભારતીય રાજદૂતાવાસે ભારતીયોને હવે પછી સૂચના અપાય નહીં ત્યાં સુધી લેબેનોનનો પ્રવાસ નહિં કરવાની સૂચના આપી છે. એવી જ રીતેત્યાં ઈઝરાયેલ અને હિજબુલ્લાહ વચ્ચે સંઘર્ષ વધ્યો હોવાથી લેબનોનમાં વસતા ભારતીયોને લેબેનોનમાંથી ખસી જવાનો નિર્દેશ આપ્યો છે.

લેબનોનમાં વસતા ભારતીયોને સતર્ક રહેવાની, જરૂર પૂરતી બહાર અવરજવર કરવાની અને બૈરૂત ખાતેના રાજદૂતાવાસ સાથે સંપર્કમાં રહેવાની પણ સૂચના અપાઈ છે. ઉલ્લેખનીય છેકે, ઇઝરાયેલ લેબનોનમાં તાજેતરમાં કરેલા હવાઈ હુમલામાં 50 બાળકો સહિત 558 લોકોના મોત નિપજ્યા હતા અને એક હજાર 835 લોકોને ઇજા થઇ હતી.

## GUJARAT RAINS

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતના ઘણા સ્થળોએ આગામી ત્રણ દિવસ દરમિયાન હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યું છે કે, આગામી ત્રણ દિવસમાં સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાંક સ્થળોએ પણ હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી અને ભરૂચ જિલ્લાના કેટલાંક સ્થળોએ આજે હળવો વરસાદ નોંધાયો છે.

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 29મી સપ્ટેમ્બરે સવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત કાર્યક્રમ' દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનું આ 114મું સંસ્કરણ હશે.

આ કાર્યક્રમ આપ આકાશવાણી, દૂરદર્શન, A.I.R. ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એર મોબાઇલ એપ્લિકેશન પર સાંભળી શકશો. ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિંદી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુ-ટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમના તુરંત બાદ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

## MARINE BIODIVERSITY

ભારતે ગઈકાલે યુએન જનરલ એસેમ્બલીમાં ભારતની દરિયાઈ  સરહદની બહાર જૈવવિવિધતાને સુરક્ષિત કરવા માટે આંતરરાષ્ટ્રીય કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર ઔપચારિક રીતે

રાષ્ટ્રીય અધિકારક્ષેત્રના સમાવેશ પર જૈવવિવિધતા કરાર તરીકે ઓળખાય છે.

આ કરાર પર  વિદેશ મંત્રી એસ જયશંકરે  હસ્તાક્ષર કર્યા છે. તેનો ઉદ્દેશ્ય દરિયાઈ જીવોના સંરક્ષણને સુનિશ્ચિત કરવાનો છે. આ કરારને અંતિમ સ્વરૂપ આપવામાં 20 વર્ષ લાગ્યા અને ગયા વર્ષે આંતરરાષ્ટ્રીય સ્તરે તેને અપનાવવામાં આવ્યો. તે ગેરકાયદેસર માછીમારી અને પ્રદૂષણ પર પ્રતિબંધ મૂકે છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય કેબિનેટે જુલાઈમાં આ કરારમાં ભારતની ભાગીદારીને મંજૂરી આપી હતી.

## BADMINTON-MACAU OPEN

મકાઉ ઓપન બેડમિન્ટનમાં આજે બપોરે પુરુષ સિંગલ્સના 16મા રાઉન્ડમાં ભારતના કિદામ્બી શ્રીકાંતનો મુકાબલો ભારતના જ ખેલાડી આયુષ શેટ્ટી સામે થશે. મહિલા સિંગલ્સના 16મા રાઉન્ડમાં, ભારતીય શટલર તસનીમ મીરનો મુકાબલો આજે જાપાનની ચોથી ક્રમાંકિત ટોમોકા મિયાઝાકી સામે  થશે.

મહિલા  ડબલ્સમાં, ભારતની ગાયત્રી ગોપીચંદ અને ટ્રીસા જોલીની ત્રીજી ક્રમાંકિત જોડી 16મા રાઉન્ડમાં તાઈવાનની લિન ચિહ-ચુન અને ટેંગ ચુન-સુન સાથે ટકરાશે.